| | |
|---|---|
| **Headline:** NSE's international exchange launched | |
| **Source:** Gujarat Samachar | **Date:** 6 June 2017 |

### આજથી કાર્યાન્વીત બનેલ

# NSE ઈન્ટરનેશનલ એક્સચેન્જ મોડીરાત સુધી ધમધમતું રહેશે

અમદાવાદ, તા.૫

**બીએસઈ બાદ ગિફ્ટ સિટી ખાતે આજથી શરૂ થયેલ નેશનલ સ્ટોક એક્સચેન્જ (એનએસઈ)નું ઈન્ટરનેશનલ એક્સચેન્જ મોડી રાત સુધી ધમધમતું રહેશે.**

## હાલ ચાર સેગમેન્ટમાં ટ્રેડિંગ થશે ટૂંક સમયમાં નવી પ્રોડક્ટ રજૂ કરાશે

એનએસઈના આ નવા એક્સચેન્જ પર સવારે ૮થી રાત્રીના ૧૧-૪૫ કલાક સુધી કામકાજ થઈ શકશે. જેના પગલે સ્થાનિક ખેડાલીઓને ઈન્ટરનેશનલ ટ્રેડિંગ પ્લેટફોર્મની સુવિધા ઉપલબ્ધ થશે.

એનએસઈનું આ એક્સચેન્જ આઈએફએસસીના નામે ઓળખાશે. જેમાં હાલ ચાર સેગમેન્ટમાં ઈક્વિટી ઈન્ડેક્સ ડેરિવેટીઝ, સિંગલ સ્ટોક ડેરિવેટીઝ, કોમોડિટી ડેરિવેટિઝ અને કરન્સી ડેરિવેટિઝનો સમાવેશ થાય છે. ટૂંક સમયમાં જેમ મંજૂરી મળશે તેમ નવી પ્રોડક્ટ રજૂ કરાશે. વિવિધ સ્તરે ટેક્સમાં અપાયેલ છૂટના કારણે આ એક્સચેન્જ પર ટ્રેડિંગ ખર્ચ વિદેશી એક્સચેન્જોથી વધુ નહીં હોય તેમ એક્સચેન્જે જણાવ્યું હતું.